
# દસ વર્ષીય બાળકીના કાનની પાછળ ઘુસી ગયેલી પેનની ટીપ ભારે જહેમત બાદ કઢાઈ

**ગાંધીનગરના જાણીતા ઈએનટી સર્જન ડો. દેવી ગજ્જરે બાળકીના કાનની પાછળ ઘુસી ગયેલી પેનની ટીપને છેક સ્કલ બોનની પાછળથી કાઢી બાળકીને પીડામાંથી મુક્તિ અપાવી**

ગાંધીનગર, તા. ૨૦

ઈન્દ્રોડા ગામની દસ વર્ષીય બાળકીના કાનની પાછળ અકસ્માતે પેનની ટીપ ઘુસી ગઈ હતી. આ ટીપ તુટીને છેક બોન સ્કલની નજીક જતી રહેતા તેને ભારે પીડા થતી હતી. આખરે ભારે જહેમત બાદ શહેરના જાણીતા ઈએનટી સર્જન ડૉ. દેવી ગજ્જરે તેને કાઢી હતી અને બાળકીને અસહ્ય દર્દમાંથી મુક્તિ અપાવી હતી.

ગાંધીનગર નજીક આવેલા ઈન્દ્રોડા ગામની દસ વર્ષની આસપાસની બે બાળકીઓ હોમવર્ક કરી રહી હતી. તેવા સમયે એક બાળકી મોઢામાં પેન રાખીને આગળ બેઠેલી બાળકીને બોલાવવા જતા આગળ બેઠેલી બાળકીએ અચાનક માથુ ઘુમાવતા પેન તેની કાનની પાછળના ભાગે ઘુસી ગઈ હતી. પેનને કાઢવાના પ્રયાસમાં તેની ટીપ તુટી ગઈ હતી. બાળકીને અસહ્ય દુખાવો શરૂ થતા સ્થાનિક તબીબની પાસે તેને લઈ જવાઈ હતી. પેનની ટીપ બહાર જ દેખાતી હોઈ તેને કાઢવાના પ્રયાસમાં તે વધુ ઊંડે સુધી જતી રહી હતી. ચેકો મારીને કાઢવાના પ્રયાસો કરાયા હતા. પરંતુ તે સફળ થયા ન હતા. આ દરમ્યાન જેમ જેમ સમય પસાર થતો હતો તેમ તેમ બાળકીનું દર્દ વધતુ જતુ હતુ. આખરે છેક રાત્રે સાડા નવની આસપાસ બાળકીને હાઈટેક હોસ્પિટલ લઈ જવાઈ હતી.



જ્યાં ઈએનટી સર્જન ડૉ. દેવી ગજ્જરે એક્સરે સહિતની તપાસ કરી હતી. પેનની ટીપ એટલી નાની હતી કે એક્સરેમાં માંડ જોઈ શકાતી હતી. કાનના મોટા દુરબીનથી જોયા બાદ આખરે પેનની ટીપ દેખાઈ હતી. જે કાનની પાછળના સ્નાયુઓમાંથી આગળ જઈને છેક સ્કલ બોન સુધી પહોંચી ગઈ હતી. લોકલ એનેસ્થેશીયાના ઉપયોગ વડે આખરે અડધા કલાકની જહેમત બાદ પેનની ટીપને કાઢવામાં સફળતા મળી હતી. આખરે બાળકીને દર્દમાંથી મુક્તિ તેને રજા અપાઈ હતી.

## નિઃશુલ્ક ઓરલ કેન્સર ડિટેકશન તથા સંપૂર્ણ ઓરલ હાઈજીન ચેક અપ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ભાજપ મેડિકલ સેલ દ્વારા ભાજપ યુવા મોરચાના સહયોગથી રવિવારે ન્યુરોપંચ આયુર્વેદ હોસ્પિટલ, બી-૧૯, પહેલો માળ, ડિસ્ટ્રિકટ શોપિંગ સેન્ટર, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે નિઃશુલ્ક ઓરલ કેન્સર ડિટેકશન તથા સંપૂર્ણ ઓરલ હાઈજીન ચેક અપ કેમ્પ યોજાયો હતો. જેમાં ડૉ. અપેક્ષા વિનાયક પંડયાએ સેવાઓ આપી હતી. ૩૦થી વધુ નાગરિકોએ આ કેમ્પનો લાભ લીધો અને ડૉ. અપેક્ષાએ તેઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. આયોજિત કેમ્પ ઓરલ કેન્સર ડિટેકશન હોવાથી ૧૧ નાગરિકોમાં ઓ.એસ.એમ.એફ. અને લાઈકેન પ્લેનસનું નિદાન પણ કરવામાં આવ્યું. કેમ્પ દરમિયાન ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, ગાંધીનગર બીજેપી ડોકટર સેલના પ્રિસિડેન્ટ ડૉ. હસમુખભાઈ પટેલ તેમજ ગાંધીનગર બીજેપી ડોકટર સેલના પ્રોગ્રામ ઈન્ચાર્જ ડૉ. મિહિરભાઈ પટેલે હાજરી આપીને કેમ્પની શોભા વધારી હતી તેઓએ દર્દીઓ સાથે વાતચીત કરી અને તેમને કેન્સરની ગંભીરતા માટે જાગૃત કર્યા હતા. ડૉ. અપેક્ષા પંડયાએ આવેલા દરેક નાગરિકોને નિઃશુલ્ક ટુથબ્રશ અને ટંગ કલીનરનું વિતરણ કર્યું હતું.

# આજે એક જ દિવસમાં દહેગામ અને મોખાસણમાં મહિલા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે એક જ દિવસે બે મહિલા સંમેલનોનું આયોજન કરવામાં આવ્યુ છે. મળતી વિગતો પ્રમાણે દહેગામ ખાતે મહિલા આયોગના ઉપક્રમે આ મહિલા સંમેલન યોજાવાનું છે. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર રહેનાર છે. મહિલા સશક્તિકરણ માટે સરકારે હાથ ધરેલી યોજનાઓની જાણકારી આ સંમેલનમાં આપવામાં આવશે.

સાંજે પાંચ વાગે મોખાસણ તા. કલોલ ખાતે જિલ્લા પંચાયત દ્વારા મહિલા સંમેલનનું આયોજન પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યુ છે. કુપોષણ મુક્તિ અભિયાન, કન્યા કેળવણી તેમજ મહિલા જાગૃતિ સહિતના વિષયોને લઈ આ સંમેલનમાં ચર્ચાઓ કરવામાં આવનાર છે.

જિલ્લામાં એક જ દિવસમાં બે મહિલા સંમેલનોના આયોજનને લઈ તંત્ર આજે તેની તૈયારીમાં વ્યસ્ત હતુ. જોકે તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. આ બન્ને મહિલા સંમેલનો કલોલ અને દહેગામમાં યોજાશે.

# ગાંધીનગરમાંથી પેરોલ ઉપર છૂટી નાસતો ફરતો કેદી ઝડપાયો

**બળાત્કાર-પોક્સોનાં ગુનામાં સાબરમતી જેલમાં આજીવન કેદમાં હતો : પેરોલ જમ્પ કરીને એક વર્ષથી નાસતો ફરતો હતો**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાંથી ઝડપાયેલો કેદી બળાત્કાર અને પોક્સોનાં ગુનામાં આજીવન કેદની સજા સબબ છેલ્લાં સાત વર્ષથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો હતો અને પેરોલ પર છુટ્યાં પછી પેરોલ જમ્પ કરીને નાસતો ફરી રહ્યો હતો. પોલીસની લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે હાથ ધરેલી ખાસ ડ્રાઈવ દરમિયાન તેને ગાંધીનગરથી ઝડપી લીધો હતો અને ફરી સાબરમતી સેન્ટ્રલ જેલના હવાલે કરી દેવામાં આવ્યો હતો.

ગાંધીનગર પોલીસ દ્વારા અપહરણ, બળાત્કાર, ચોરી અને લૂંટ સહિતના ગંભીર ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ ડ્રાઈવ દરમ્યાન ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે એચ સિંધવનાં માર્ગદર્શન હેઠળ એલસીબી ટીમના સ્ટાફે લૂંટ, ધાડ, ચોરી તેમજ શરીર સંબંધિત વિગેરે ગુનામાં નાસતા ફરતા આરોપીઓનું પગેરૂ શોધવા તેમના આશ્રય સ્થાનો પર વોચ ગોઠવી અલગ અલગ ટીમો બનાવીને બાતમીદારોને સક્રિય કર્યા છે. આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, ડભોડા પોલીસ મથકની હદમાં વર્ષ ૨૦૧૬માં બળાત્કાર અને પોકસોના ગુના સબબ રાયપુર ગામનો કાળાજી ઉર્ફે કાળિયો આતાજી ડાભીને વર્ષ ૨૦૧૮માં જેને ગાંધીનગર કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી અને તે છેલ્લા સાત વર્ષથી અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો જે હાઈકોર્ટમાંથી ૧૪ દિવસના વચગાળાના જામીન મેળવીને જેલમાંથી બહાર આવ્યો હતો પરંતુ પેરોલની અવધિ પૂર્ણ થવા છતાં કાળિયો ડાભી જેલમાં પરત ફર્યો ન હતો તે અત્યારે રાયપુર નર્મદા કેનાલ વિસ્તારના કોતરોમાં છુપાઈ ગયો છે. બાતમીના આધારે એલસીબીની ટીમે વ્યૂહાત્મક આયોજન હાથ ધરીને બળાત્કારી કાળિયા ડાભીને ઘેરીને ઝડપી લઈને ફરી પાછો જેલમાં સજા ભોગવવા માટે મોકલી આપ્યો હતો.

# પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ખેલ મહાકુંભની સ્પર્ધા યોજાઈ

પી.આર. ઠક્કર વિદ્યા વિહાર મગોડી ખાતે ખેલ મહાકુંભની રસ્સાખેંચની ગાંધીનગર તાલુકાકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. ચિલોડા ડભોડા વિભાગના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી, મંત્રી દિપકભાઈ શુકલ, આચાર્ય મનુભાઈ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખે સૌ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર સ્પર્ધાનું સંચાલન શાળાના ઉત્સાહી વ્યાયામ શિક્ષક જે.બી. ચૌધરીએ કર્યુ હતુ. નિર્ણાયકની ભૂમિકા રણજીતસિંહ બિહોલાએ અદા કરી હતી. સ્પર્ધામાં બહેનોના વિભાગમાં પ્રથમ ક્રમે મગોડી અને દ્વિતીય ક્રમે ડભોડા રહી હતી. ભાઈઓના વિભાગમાં જી.આઈ.પી. એસ. પ્રથમ ક્રમે અને દ્વિતીય ક્રમે ડભોડાની ટીમ રહી હતી. વિજેતા ટીમોને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાયેલ હેડકલાર્ક માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં ૫૦ ટકા જેટલા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા.
- હેડકલાર્કની પરીક્ષા વિના વિઘ્ને પૂર્ણ થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.
- શહેરમાં આજકાલ પરીક્ષાનો માહોલ જામેલો હોઈ અકંદરે શાંતિ જોવા મળી રહી છે. વાલીઓ પણ પરીક્ષાઓને લઈ ચિંતીત નજરે પડી રહ્યા છે.
- આમ આદમી પાર્ટીના જિલ્લા મહામંત્રી રાઠોડ રણવીરસિંહ રતનસિંહે તેમના હોદ્દા ઉપરથી રાજીનામુ આપી પાર્ટી છોડવાનો નિર્ણય કર્યો છે.
- ૨૨મીએ વિશ્વ જળ દિવસને લઈ સાહિત્ય અકાદમી અને અતુલ્ય વારસો દ્વારા ''સોના ઈંઢોણી રૂપા બેડલુ...'' નામક ગુજરાતી ગીત-કવિતાનો કાર્યક્રમ અંબાપુર વાવ ખાતે યોજાયેલ છે. આસ્વાદ અને ગાયન પ્રસ્તુતિ નિલેશ પંડ્યા અને ડૉ. ફાલ્ગુની શશાંક કરશે.
- ગરમીનો પ્રકોપ વધતાં આઈસ્ક્રીમ-ઠંડા પીણા તેમજ શ્રીખંડની ઘરાકી નગરમાં જામી છે.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા શહેરના તમામ વોર્ડમાં ટિફિન બેઠકનું આયોજન કરાયું હતુ.
- ગાંધીનગર મનપા અને માણસા ન.પા.ના સંયુક્ત ઉપક્રમે આજથી ગાંધીનગર-માણસાની સીટીબસ સેવાનો આરંભ થશે.
- આજે વન દિવસ છે. ગાંધીનગરને ગ્રીનસીટીનો દરજ્જો પાછો અપાવવાનો સંકલ્પ ચૂંટણી વચન બનીને જ રહેશે તેવી ચર્ચા લોકજીભે શરૂ થઈ છે.
- કલોલમાં પાણીજન્ય રોગચાળાના આજે વધુ ૭ કેસ નોંધાયા છે.

## વર્ધમાન જીવદયા અનુકંપા કેન્દ્ર દ્વારા જરૂરીયાતમંદોને મસાલેદાર ખીચડીનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૦

વર્ધમાન જીવદયા અનુકંપા કેન્દ્ર (ખીચડીઘર) જૈન દેરાસર, સેકટર-૨૨ ખાતે ૨૧ વર્ષથી અવિરત દર રવિવારે સવારે ૯ કલાકે જરૂરિયાતમંદોને મસાલેદાર ખીચડી આપવામાં આવે છે. તેમજ દાતાઓ તરફથી ખીચડીની સાથોસાથ બિસ્કીટ, ગોળ, ફ્રૂટ, મીઠાઈ, સિઝન મુજબ ખજૂર, ધાણી, કેરીનો રસ વગેરે વસ્તુઓ આપવામાં આવે છે. પુષ્પાબેન ચંપકલાલ શાહ અને પી.આર. શાહ તરફથી મસાલેદાર ખીચડી અને ૨૫૦ ગ્રામ ગોળનું ૪૦૦થી વધુ માણસોને વિતરણ કર્યુ હતુ.



કાળઝાળ ગરમીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચ્યુ છે. આકરા તાપમાં ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની ચૂક્યુ છે. કોઈ કામ અર્થે જો ઘરની બહાર નીકળવુ પડે તો મુશ્કેલી અનુભવાય એટલુ બધી ગરમી પડી રહી છે. ગરમીથી રાહત મેળવવા લીંબુ સીકંજી અને લીંબુ શરબતનો ઉપયોગ મહત્તમ થાય છે. ગૌણસેવા મંડળ દ્વારા યોજાયેલી પરીક્ષા આપવા આવેલા પરીક્ષાર્થીઓએ લીંબુ શરબત પીને ગરમીમાં રાહત મેળવી હતી.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા માટીના ચકલી ઘર વિતરણ કાર્યક્રમ યોજાયો

ગુજરાત કાઉન્સિલ ઓન સાયંસ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનના વિકાસ ની સાથે સાથે પર્યાવરણની જાળવવી અંગે જાગૃતતા કેળવાય તે હેતુ થી વિવિધ પર્યાવરણીય દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ચકલી આપણા પર્યાવરણનો અગત્યનો ઘટક છે ચકલી અને ચકલી કુળના અનેક પક્ષીઓની પેઢીઓ બચાવવા માટે વિશ્વ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે. માનવીય પ્રવુંતિઓને કારણે ચકલીઓ લુપ્ત થતી જાય છે. તેના ભાગ રૂપે ૨૦ માર્ચ ને ચકલી દિવસ તરકે ઉજવવામાં આવે છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગ રૂપે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડો. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને કુદરતમાં ચકલીનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ ચકલી ના માળા ઘરમાં અને ઘરની બહાર કેવી જગ્યાએ મુકવા જોઈએ તેની સમજુતી આપી હતી જેથી અન્ય પ્રાણીઓ કે મોટા પક્ષીઓનો ભય ના રહે. માટીના ચકલીના ઘર વિતરણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાયંસ કલબના વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા હતા. જેમાં સરકારી એન્જીન્યરીંગ કોલેજના પ્રોફેસર રવી બુટાણી પણ જોડાયા હતા અને વિદ્યાર્થીઓને ચકલી બચાવવા માટે પ્રયત્નો કરવા માટે અપીલ કરી હતી.

# ''ડિવાઈન ગુજરાતી વ્યાકરણ'' પુસ્તક વિમોચનની સાથે પિતૃવંદનાનો ભાવવાહી કાર્યક્રમ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની પ્રકાશન સંસ્થા મધુ પ્રકાશન તેમજ અમદાવાદની પ્રકાશન સંસ્થા ડિવાઈન પબ્લિકેશનના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર સાહિત્ય સભાના સહકારથી 'પિતૃવંદના અને પુસ્તક વિમોચન' કાર્યક્રમ તારીખ ૧૯મી માર્ચ ના રોજ ગુરુકુલ હાઈસ્કુલ સેક્ટર ૨૩ ના સભાખંડમાં યોજાઈ ગયો. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં સાતમા પુસ્તક વિમોચન કાર્યક્રમમાં સહભાગી બની છે.



આ કાર્યક્રમમાં સર્વ બ્રહ્મર્ષિ સભાના અધ્યક્ષ ગૌરાંગદેવાચાર્યજી, જાણીતા લેખક કોલમિસ્ટ પરાજિતભાઈ પટેલ, લઘુકથાકાર અને લોકસાહિત્યના અભ્યાસુ ડૉ. પ્રેમજીભાઈ પટેલ, જાણીતા લેખક અને ગીતકાર ડો. બલભદ્રસિંહ રાઠોડ, અધ્યાપક અને લેખક એવા અમૃત ચૌધરી અને ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રભુદાસ કે. પટેલનું સન્માન તેમના પુત્રો દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ તેમના દ્વારા લિખિત પુસ્તક 'ડિવાઈન ગુજરાતી વ્યાકરણ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. સાથેસાથે ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ અને જાણીતા સર્જક કલ્પેશ પટેલના બે કાવ્યસંગ્રહો 'અભાવોની વચ્ચે' અને -યાદ આતા હૈ કોઈ'નું પણ વિમોચન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.

એક જ કાર્યક્રમમાં પિતા અને પુત્રના પુસ્તકોનો એકસાથે વિમોચન કાર્યક્રમ હોય તેવી આ વિરલ ઘટના હતી. મહેમાનોનો પરિચય ગાંધીનગર સાહિત્ય સભાના યુવા પ્રમુખ સંજય થોરાત દ્વારા આપવામાં આવ્યો હતો. તેમજ સન્માનપત્રનું વાચન ગાંધીનગરના જાણીતા ગઝલકાર કિશોર જિકાદરા દ્વારા કરવામાં આવ્યું હતું. સર્વે મંચસ્થ મહાનુભાવોએ પ્રસંગોચિત વક્તવ્યો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પારુલ મહેતાએ કર્યું હતું. પારૂલબેન દ્વારા કલ્પેશ પટેલની એક ગઝલનું ગાન પણ કરવામાં આવ્યું હતું.

શૈલેષ પટેલ દ્વારા પ્રાર્થના રજૂ થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ સંજય થોરાત, સલાહકાર કિશોર જિકાદરા, મંત્રી રમેશ ઠક્કર, પ્રતાપસિંહ ડાભી હાકલ, રમણ વાઘેલા, ઉમંગભાઈ વસાણી, દિશા પોપટ, અજય રાવલ, નેહલ ગઢવી, મહેન્દ્રભાઈ રાઠોડ, અશ્વિન ત્રિવેદી આદિએ સક્રિયતા દાખવી હતી. આ પ્રસંગ શ્રોતાઓએ મન ભરીને માણ્યો હતો. આભારવિધિ નિજ પટેલે કરી હતી. આ પ્રસંગે રાઘવજી માધડ, પ્રવિણ ગઢવી, નટુભાઈ પરમાર, પ્રજ્ઞાબહેન પટેલ, શ્રીમાળી, નિલેશ થાનકી, જય ઓઝા વગેરે સાહિત્ય સર્જકો હાજર રહ્યાં હતાં. કાર્યક્રમના અંતમાં સુરુચિ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

